સાલ : ૨૩ / સિલસિલાવાર નંબર : ૧૯૦ / શુમારો : ૪

بسم الله الرحمن الرحيم

કુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

રજબુલ અસબ - શાઅબાનુલ કરીમ ૧૪૪૭ / જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૨૬

## સલામ

"**સલામ**" અલ્લાહ વહદહૂ લાશરીક, જલ્લા શાનોહૂના ૯૯ મુબારક નામો માંથી એક નામ છે. "**સલામ**" યાઅની સલામતી, હિફાઝત, અમાન અને દિલી ઈત્મિનાન. ઈમાનના સબબ જે શખ્સ દુનિયામાં "**સલામ**" ના સાયામાં રહ્યો, તે મૌત બાદ પણ તેના જ સાયામાં રહેશે. "**સલામ**" મુમિનનું પણ નામ છે, તેથી અલ્લાહતઆલાની વહેદાનીયત અને મુમિનની શખ્સીયત જુદા રહી શકતી નથી. "**સલામ**" તે જન્નત છે. "**સલામ**" તે જન્નતી લોગોનો કૌલ-કલામ છે. "**સલામ**" જન્નતી લોગોની ગુફતગૂ છે.

"જન્નતી લોગો" ની સીરત-આદતમાં ઈખ્લાસ, મોહબ્બત અને ખિદમતના જૌહર હોય છે. આ તમામ ચીઝો "**સલામ**" સાથે તઅલ્લુક રાખે છે. અલ્લાહતઆલા તરફથી આવેલા, પસંદ થયેલા, મખ્સૂસ સાહેબો "**સલામ**" ના માલિક હોય છે. કેમકે, તેઓમાંથી તમામે તમામ, લોગોને જન્નત તરફ દાઅવત આપે છે. મુખ્લિસ અને ફરમાઁબરદાર લોગો વાસ્તે જન્નત છે યાઅની "**સલામ**" ની નેઅમત છે. હક્ક (અલ્લાહતઆલા) ના સાહેબોને કુબૂલ કરનાર, એમની દાઅવતને લબ્બૈક કહેનાર રાહે જન્નતને ઈખ્તિયાર કરે જ છે. આ તમામ સહી ઈમાનદારો કહેવાય કે, જેઓને "**સલામ**" ની માઅના, મકસદ અને મંઝિલ ખબર હોય છે.

ઈસ્તિકબાલનું પહેલું પગથીયું "**સલામ**" છે. મુમેનીન વાસ્તે તે ઈઝઝતો અહેતેરામની નિશાની છે. ખુશ ગુફતગૂ અને વાતની કામિયાબીની પહેલ છે. "**સલામ**" ને સાથે મુમિનની રોઝી જોડાયેલી હોય છે. આ દુનિયાવી રોઝીની પાકીઝગીના સબબ મુમિનને ઈન્તેકાલ બાદ જન્નતી રોઝી મુહય્યા થાશે, હાસિલ થાશે. **રોઝીની બરકત, તહારત, પાકી અને કુશાદગી, સલામની સુન્નત સાથે વાબિસ્તા છે.** મુમિન વાસ્તે હરએક તરહની રોઝી, જે હલાલ હોય, તૈયેબ હોય, એના વાસ્તે અને એના બાલ-બચ્ચાં વાસ્તે સલામતીનો હદીયો લાવે છે. આ સલામતીનો પાયો એના મુખ્લેસાના "**સલામ**" કરવાના અકીદા, સુન્નત અને તરીકા પર હોય છે.

"જન્નતી" નો લકબ મયસ્સર થાય, તો મુમિન વાસ્તે ખૂબ-ખૂબ વાજિબ થઈ જાય છે કે, "**સલામ**" એની આદત, ખસલત, ઘર, સફર, મસ્જિદ, મજલિસ, નમાઝ, મઝાર, મોહલ્લો, મુલાકાત, વેપાર, બાઝાર વગૈયહ જે જે જગા પર એની આમદો રફત હોય, અવર-જવર હોય તેમાં તેને પૈવસ્ત કરી નાંખે. "**સલામ**" ની બહેતરીન આદતની ગાંઠ બાંધી દે. આ "**સલામ**" માં જો સાહેબે હક્ક શામિલ હોય તો પછી તે "સલામ" નું પૂછવું જ શું !!! રોઝીમાંથી નિકાલેલી રકમ જો "**સલામ**" ના લિબાસે નૂરાનીમાં અરઝ થાય, તો તે રકમ નથી રહેતી મગર જન્નતની નેઅમત બની જાય છે. જેટલી વક્ત આ સુન્નત અદા થાય તેટલી વક્ત અલ્લાહતઆલા મુમિનના દરજાઓને જન્નતમાં વધારતા જ રહે છે, બલંદ કરતા જ રહે છે.

"**સલામ**" ને જો કોઈ શખ્સ ઝબરદસ્તીથી કરે, કરાહીયતથી કરે, નિફાકથી કરે, દિલના કડવાશથી કરે, આઁખમાં ઝહેર રાખીને કરે, બીજાને બતાવવા કરે, કોઈના કહેવાથી કરે, મુદારાત વાસ્તે કરે, ગરઝ-મતલબ વાસ્તે કરે, રિશ્તાના શરમથી કરે, તો તે અમલ એનો ઝાયેઅ છે, બેકાર છે. એને કોઈ ફાયદો પહોંચશે નહીં. એનો આ સલામ જન્નતની (બકીયહ પેજ નં. ૨ પર)

**એક આમ ઈબ્તેદાઈ મુમિન, એક ખાસ મુમિન મુસ્તજીબ મુખ્લિસના ઈલ્મી અને અમલી વારિસદાર બને છે.**

(પેજ નં. ૧ નું બાકી)

રાહ નહીં, મગર અઝાબની રાહ ખોલી આપશે. અલ્લાહતઆલાએ સાહેબે હક્કને તે કૈફીયતનું નૂર આપું હોય છે કે, આપ ફૌરન સલામ કરનારના દિલની નિય્યતને પહેચાની જાય છે. તે "**સલામ**" દિલનો છે કે, દગાનો છે તે જાણી લે છે.

દોઆતે કિરામ (રિ.અ.) નું બયાન છે કે, "**નિફાક-દુશ્મનીની પહેલામાં પહેલા નિશાની સલામનું બંધ થાવું છે. મુનાફિક શખ્સ સલામને મુકી દેશે અને સાહેબે હક્કથી પોતાના મૂઁહને ચુરાવશે. આ તરહ એના ઉપર નેઅમતે ખુદાવંદીના દરવાઝા બંધ કરી દેવામાં આવશે. નિફાકના સબબ એ સાહેબે હક્કની સોહબત છોડી દેશે અને હિદાયતના કલામની મઝાક કરશે અને ઠુકરાવી દેશે.**"

૪૨માં દાઈએ મુત્લક સૈયેદના ફિદાઅલી બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના દૌરે મયમૂનમાં "**સલામ**" ની અદબ અને કૈફીયત વાસ્તે અજબ નિઝામ હતો. આપ મૌલા મુમેનીનના સાહેબે અદબો તરબીયત હતા. સાહેબે હક્કને વાસ્તે તાઅઝીમ કેમ થાય ? શું નઝરીયો હોવો જોઈએ ? દિલમાં શું મકામ હોવો જોઈએ ? તે વાસ્તે આપ મૌલા ખૂબ તસ્દીઅ લેતા, તરબીયત કરતા, દેખરેખ રાખતા અને મુમેનીનને તાઅલીમ અતા કરતા. સાહેબે હક્ક વાસ્તે જેના દિલમાં નિફાક ઝાહિર થાય, દુશ્મનીનું બીજ ફાટીને રૂનુમા થાય કે, પહેલે આપ એને સમઝાવે, દિલની તાલીફ કરે, શિફા થાય તેની કોશિશ કરે, રાહે રાસ્ત દેખાડે, પછી થોડો વક્ત આપે. એક હદ બાદ જે વક્ત એના દિલમાં નૂરે હિદાયત દાખિલ થાય તો એના ઉપર આપનો દીદાર, આપની મુલાકાત, આપ પર સલામ, આપની દેવડી, આપની કદમબોસી, આપના હુકૂક, તમામ રૂહાનીયતના ફવાઈદને બંધ કરી દેવામાં આવતા. એને એના હાલ પર છોડી દેવામાં આવતો. એનો હાલ એવો હશે કે, એ ઝિંદા તો દેખાશે મગર ઈમાની નૂર ના હોવાના સબબ એ બાતિની તૌરથી મૈયેત હશે, બેજાન હશે.

શરીઅતે મોહંમદીયહમાં ૭ અરકાન મફરૂઝાતમાંથી છે. યાઅની, દીને ઈસ્લામના ૭ ફરઝો-પાયાઓ છે. આ સાથે ૧૨ સુન્નતો છે કે, જે વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તાકીદ કીધેલી છે. રઝામંદીએ ખુદાતઆલા અને હુસૂલે સવાબ વાસ્તે ૭ ફરઝો અને ૧૨ સુન્નતો પર અમલ કરવો હરએક મુમિન વાસ્તે ઘણું જ પસંદીદહ છે. હર ફરઝ અને સુન્નત પર હમેં નઝર કરીએ, **તો તેમાં પણ ૭ ફરીઝતો છે અને ૧૨ સુન્નતો છે.** રસૂલુલ્લાહ બાવાજીની ૧૨ સુન્નતોમાંથી "ઈફશાઉસ્સલામ" છે. યાઅની, ખુલ્લી તૌરથી, ઝાહિરી તૌરથી એકબીજા પર "**સલામ**" પઢવો અને દીને હક્ક તરફ દાઅવત અને ઈઝને ખુસૂસી આપવું. "**સલામ**" ની આઅલા કિસ્મ ૭ છે અને અદના કિસ્મ ૧૨ છે. એમ હમેં બેવેને મિલાવીએ તો ૧૯ થાય છે.

"**સલામ**" વાસ્તે ૭ આઅલા કિસ્મ તે છે કે, જેનો રિશ્તો અને તઅલ્લુક અલ્લાહતઆલા અને તેના ફરિશ્તા સાથે હોય, અને ૧૨ અદના કિસ્મ તે છે કે, જેનો રિશ્તો-નાતો બશર-ઈન્સાન સાથે હોય. યાઅની, આઅલા કિસ્મ રૂહાની આલમ સાથે તઅલ્લુક રાખે છે અને અદના કિસ્મ જિસ્માની આલમ સાથે વાબિસ્તગી રાખે છે. યહાઁ પર હમેં "**સલામ**" મુતઅલ્લિક આઅલા કિસ્મની ઝિક્ર કરીએ છે.

(૧) **સલામુન કૌલમ મિર રબ્બિર રહીમ (યાસીન)** : "**સલામ**" નો કૌલ છે રહેમત કરનાર રબ્બ તરફથી. ઝબાન, બોલી, અકવાર, હદીસો, મુકાલેમાત આ તમામમાં અફઝલ અને આઅલા કોઈ કલામ છે, તે "**સલામ**" છે, જે તમામનું દિલ છે અને જેનાથી દીને ઈસ્લામ છે.

(૨) **યા નૂહોહ બિત બેસલામિમ મિન્ના (હૂદ)** : અય નૂહ ! હમારા તરફથી "**સલામ**" લઈને ઉતરો. નૂહ નજીયુલ્લાહએ ૮૦ સાલ તક કિશ્તી બનાવી, દાઅવત આપી, સેંકડો લોગોએ આપની નિદા સાંભલી, મગર ૮૦ મુમેનીન જ આપની કિશ્તીમાં સવાર થયા. મુખ્તલિફ મૌકાએ પર આપે દાઅવત આપી મગર હક્કની કૈફીયત એવી

(બકીયહ પેજ નં. ૩ પર)

(પેજ નં. ૨ નું બાકી)

હોય છે કે, તે થોડા જ લોગો સાથે હોય છે. આમ જ હોય તો જ હક્ક તેની અસલી હાલતમાં સચવાયેલો રહે છે.

(૩) **તહીયતોહુમ ફીહા યૌમા યલકૌનહૂ સલામુન (અહઝાબ)** : એ જન્નતી લોગો વાસ્તે તહીયત છે કે, જે દિન તેઓ તેમના રબ્બની "**સલામ**" સાથે મુલાકાત કરેશે. આ મુલાકાત ગૈર-માઅમૂલી હશે. આ ઈમાનદાર લોગોએ દુનિયામાં જો એમના અમલની હિફાઝત કીધી હશે તો ઝરૂર અલ્લાહતઆલા તેના અજરો સવાબ વાસ્તે તેઓનો ઈસ્તિકબાલ સલામો તહીયતથી કરશે.

(૪) **ઓલાએકા યુજઝૌનલ ગુરફતા બેમા સબરૂ, વયોલક્કવના ફીહા તહીયતંવ વ સલામા (ફુરકાન)** : તે લોગોએ જે તરહથી સબર કીધો તેની જઝા વાસ્તે જન્નતી કમ્રાઓ ઈનાયત કરવામાં આવશે અને તેઓ તહીયત સાથે તેમાં બહેતરીન રિહાઈશ અને "**સલામતી**" હાસિલ કરશે. સબરને સાથે સલામ જોડાયેલો છે. સબર કરનાર-સાબેરીન લોગો જ સલામની હકીકતને સમઝી શકશે. દાઅવતની જન્નતમાં દરજાઓ, નેઅમતો અને હમેશા રહવા વાસ્તે ખૂબસૂરત મકાનો શરીઅતની હર ચીઝને ખુશી-ખુશી તસ્લીમ (સલામ) કરવાના સબબ જ મિલશે.

(૫) **વલ મલાએકતો યદખોલૂના અલયહિમ મિન કુલ્લે બાતિન (રઅદ)** : આખેરત-આકેબત કે જેના તરફ બહેતરીન તરીકાથી પલટવાનું છે, રૂજૂઅ થાવાનું છે, તે અદનની જન્નતો છે. ફરિશ્તાઓ મખ્સૂસ આના વાસ્તે જ છે કે, જેઓ દાખિલ કરશે તેમાં સબર કરનારને "**સલામો**" પઢીને. જન્નતની તમામ જેહતોથી-જગાઓથી કે જેમાંથી અંદર દાખિલ થઈ શકાય છે, તે વાસ્તે દરવાઝા છે અને તેમાં સબર કરનાર સાથે ફરિશ્તાઓને દાખિલ થાવાનો ઈખ્તિયાર છે. "**સલામ**" બગૈર તે દરવાઝાઓનું ખુલવું નામુમ્કિન છે. આ સબર કરનાર લોગો, તે મુમેનીનમાંથી તેઓના બાવાજીઓ હોય, તેઓના બૈરાઓ હોય યા તેઓની ઔલાદ હોય. "**સલામ**" પઢનાર ફરિશ્તાઓનો સાથ-સોહબત તમામને મિલશે.

(૬) **ઇન્નલ્લાહા વ મલાએકતહૂ યોસલ્લૂના અલન્નબીયે, યા અય્યોહલ લઝીના આમનૂ સલ્લૂ અલયહે વ સલ્લેમૂ તસ્લીમા (અહઝાબ)** : ઝરૂર ! અલ્લાહતઆલા અને તેના ફરિશ્તાઓ નબી ઉપર સલવાત પઢે છે, તો મુમેનીન ! તમેં પણ એ નબી ઉપર સલવાત પઢો અને સલામ બોલતા રહો. નબીનો દરજો જહાનમાં તમામ લોગો કરતા બરતર હોય છે. આપનો હક્ક, અમલ અને ઝિમ્મેદારી બીજા કરતા અફઝલ હોય છે. આપ તમામ જહાનની અક્લ છે. આપનું દિલ અલ્લાહતઆલાના કલામને ઉચકનારૂં છે. લેહાઝા જે શખ્સ આપના ઉપર ઈમાન લાવે એના વાસ્તે વાજિબ બની જાય છે કે, એ આપના ઉપર સલવાતો સલામ પઢે. અલ્લાહતઆલા અને તેના ફરિશ્તા હર વક્ત આ અમલ કરતા હોય છે, તો પછી એક મુમિન ઈન્સાનની હૈસીયતથી નબી સાહેબ પર ઈતાઅતો મીસાકના સાયામાં ઝિયાદહમાં ઝિયાદહ દિન-રાત સલવાતો સલામ કેમ ના પઢી શકે ! ખાલિક કરતા તો મખ્લૂક ઝિયાદહ ઝિમ્મેદાર અને સઝાવાર છે કે, તેં નબી સાહેબ તરફનો હક્ક અદા કરે, જેનાથી તેને નજાત-શફાઅત મિલનાર છે.

(૭) **સલામુન અલા આલે યાસીન (સાફ્ફાત)** : યાસીન ની આલ પર "**સલામ**" છે. યાસીન હમારા નબી સાહેબ મોહંમદદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) છે અને આલે યાસીન એ નબી સાહેબની મુબારક આલ છે. નબી સાહેબની સીરત અને સૂરત જે બેમિસાલ, નૂરાની, તૈયેબ, પાકીઝા હોય છે, તેના તરફ આપની આલ દાઅવત દે છે. એમની આદતો અને ખસલતો પર ચાલવા વાસ્તે આલુન્નબી હર મુમ્કિન કોશિશ કરે છે. લોગો દરમિયાન નબી સાહેબના આઅમાલ અને અકવાલને બતાવે છે. આલુન્નબી તે જ વક્ત સલામના હક્કદાર બને કે, **જેમના ઉપર નબી સાહેબ તરફથી નસ્સ હોય.** તેઓ અહલુલ બૈત કહેવાય કે જેઓ નબી સાહેબના ઘરને, શરીઅતને અને દીને હક્કની વિરાસતને સાચવે. જે ચીલો નબી સાહેબ બતાવીને ગયા હોય, તેના પર લોગોને ચલાવે. નબી સાહેબ જે હિદાયતો દઈ ગયા હોય તેનાથી ઝર્રા બરાબર પણ આમ-તેમ ના થાય અને હૂબહૂ એ જ રાહ પર લોગોને પણ ચાલવાનું કહ્યા કરે. ✯

**એક ખાસ મુમિન મુસ્તજીબ મુખ્લિસને રાહે જન્નત અને સિરાતે હક્ક પર કેમ જવાય તેનું પૂરૂં ઈલ્મ હોય છે.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની
## તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૧૧

### કલેમતુત્તૌહીદ તે કલેમતુલ ઇમામત છે.

મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) એ આપના બાવા (નાનાજી) આઝર અને એની કૌમને ફરમાવું કે, મૈં તમારા માઅબૂદો ઈલાહ અને તમારી ઈબાદતથી બરી છું, આઝાદ છું. મૈં તો તે રબ્બનો બંદો છું જે મારો ફાતિર છે, પૈદા કરનારો છે, મારો હાદી છે, હિદાયત દેનારો છે. આ બયાન સૂરતુઝ ઝુખરૂફમાં છે કે, જેમાં ઈબ્રાહીમી કલેમએ તૌહીદ છે, અલ્લાહતઅલાએ આપની નસલમાં, પીઠમાં, અકિબમાં, પીછોપામાં, આપની તૈયેબો તાહિર ઔલાદમાં આ કલેમહને બાકી રાખેલા છે. **જેના સબબ જહાનવાલાઓ દરમિયાન અલ્લાહતઆલાની તૌહીદની હુજ્જત બાકી રહે.** આ હુજ્જતના સબબ લોગો તૌહીદે રબ્બાનીની માઅરેફતથી ઈલ્મયાફતા થાય. આ કલેમહનો મફહૂમ તમામ અંબિયાના આ કલેમહમાં આવી જાય છે, **" યા કૌમેઅબોદુલ્લાહા મા લકુમ મિન ઇલાહિન ગૈરોહ "**, યાઅની, "અય મારી કૌમ ! અલ્લાહતઆલાની બંદગી કરો, તમારા વાસ્તે તેના સિવાય કોઈ બીજો માઅબૂદ નથી."

હમારા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આગલા તમામ કલેમાત કરતા બહેતરીન કલેમહ લઈ આવા, અને તે છે, **" લા ઇલાહા ઇલ્લલ્લાહ "**, નથી કોઈ માઅબૂદ મગર અલ્લાહ છે. તમામ કાએનાત એક તરફ અને આ કલેમહ તૈયેબહ એક તરફ, બલકે વધીને. તેનો મફહૂમ પણ આગલા કલેમએ તૌહીદની મિસિલ છે કે, જેના ઉપર પૂરા આલમનો દારોમદાર છે. પૈદાશુદા હરએક શય તેની તૌહીદ તરફ ઈશારો કરે છે અને ખુદની **મોહતાજગી, લાચારી અને ફના** થાવાનો ઈકરાર કરે છે.

તીસરા દાઈ સૈ.હાતિમ મોહીયુદ્દીન (આ.કુ.) ના માઝૂને મુત્લક સૈ.મોહંમદ બિન તાહિર (રિ.અ.) આપની બેનઝીર **કિતાબ સોબોલુન્નજાતમાં** બયાન કરે છે કે, અઈમ્મતે હક્ક જિસ્માની હૈસીયતથી એક આમ ઈન્સાનની મિસિલ જ હોય છે. ઈમામની વિલાદત થાય છે, ઉંમરનો તકાઝો લાગુ પડે છે, ઔલાદ અને ઘરેલુ ઝિમ્મેદારી હોય છે, બીમારી લાહિક થાય છે, મૌસમ અને તબીઅતના ઘેરામાં રહે છે, મૌત આવે છે. હમારા મુજબ જ હમારા ઈમામ યા અલ્લાહતઆલાના હુજ્જત દુનિયામાં પૈદા થઈને ઈન્સાની શિક્લમાં આવે છે, હમારા મુજબ જ ગોશ્ત અને ખૂનના જિસ્મવાલા હોય છે. ગાલીઓ, ફિત્નાખોરો, ફસાદદાર બયાન કરનાર જાહિલો કે, જેઓએ અઈમ્મતે હક્ક વાસ્તે ગૈર-માઅકૂલ અને ગૈર-તબીઈ વાતોને ફેલાવેલી છે, તે સરાસર ગલત છે અને એ બદ અકીદાના લોગોની દિમાગી ખેતી છે કે, જે જહન્નમ જેવી પૈદાવાર છે.

૧૮ માં ઈમામ મૌ.મઅદ્દ અલ-મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના બાબુલ અબ્વાબ સૈ.હેબતુલ્લાહ અલ-મુઅય્યદ અશ-શીરાઝી (રિ.અ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાના વલીઓ અને તેના ઈમામો ઝમીનની માટીથી પૈદા થાય છે. એક આમ શખ્સ મુજબ તેઓના જિસ્મો પર પણ દુનિયાનું બનવું અને બિગડવું (કૌન-ફસાદ) આવા જ કરે છે. સેહત અને બીમારી આવા જ કરે છે. તાકત અને કમ્ઝોરીમાં વાકેઅ થાયા જ કરે છે. જમન-પાની પર એમની ઝિંદગીનો આધાર હોય છે. **દર્દ-ગમ, તકલીફ-ઇઝા, ગદ્દારી-બેવફાઇ, નિકાહ-તલાક, કસ્બે હલાલ-રોઝગારી, જંગ-સફર તમામ ચીઝોથી એમનો ગુઝર થાય છે.** મૌતના દરવાઝામાં દાખિલ થાય છે અને જિસ્માની તૌરથી ફના થાય છે. તબીઈ-કુદરતી મૌત સિવાય કોઈ ચારો નથી. કોઈ બશરને હમેશાની ઝિંદગી હાસિલ થાતી નથી.

(બકીયહ પેજ નં. ૧૬ પર)

## લફ્ઝી કશ-મ-કશ


**✵ ઉભી તરકીબ :**

૧) અય્યામુલ ----- હમારા વાસ્તે રોશનીના અય્યામ છે. આ દિનોમાં હમારા આકા મૌલા અલી મુશ્કિલકુશા અમીરૂલ મુમેનીન (અ.સ.) ની કાઅબતુલ્લાહમાં પૈદાઈશ થઈ છે. (૨)

૨) “અય મારા પરવરદિગાર ! હું તમામ કરતા ગુનાહગાર બંદો છું. આ ----- બંદાની શું હેસીયત કે, તારી બંદગીને કામિલ તૌરથી અદા કરી શકે !” (૩)

૩) કોઈ પણ ચીઝ ----- માં મિલી હશે, તેની કદર નહીં હોય, મગર જેને ભારી કીમત આપીને ખરીદવામાં આવી હશે, તેને સાચવવાની પૈરવી કરવામાં આવશે. (૩)

૭) હમારા આસપાસ માખીઓ તો ખૂબ ઉડે છે મગર ----- ની માખી ગૈર માઅમૂલી છે કે, જેના થૂંકમાં અલ્લાહતઆલાએ શિફા મુકેલી છે. (૨)



**✵ આડી તરકીબ :**


૨) હર વાતને બરાબર ------- કરવા વાસ્તે પહેલા તેના બરાબર સાંભલવું ઝરૂરી બની જાય છે. (૩)

૪) જન્નતની નેઅમતો માંથી ------- કાઢવામાં આવેલો શયતાન, રજીમ અને લાઅનતનો મુસ્તહિક્ક છે. (૨)

૫) હમને હમારી ઝાત પર ------ છે કે, હમારા આઅમાલ, અહલુલ બૈત (અ.સ.) ના આઅમાલને હૂબહૂ અને મુશાબેહ છે. (૨)

૬) મુનાફિકો, શરીઅતે મોહંમદીયહને ----- સમઝે છે, જેમ ચાહે છે તેમ વાલી દે છે. પોતાના વક્ત, ઝહેન અને આઅમાલને ઝાયેઅ કરી દે છે. (૩)

**લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**



**નોંધ :** લફ્ઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઈનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે. ✯

## વાંચો, યાદ રાખો અને જવાબ આપો

મિશ્કાતુલ હાદી અખ્બારનું આ ૨ ૩મું સાલ છે. કારેઈનના ઈલ્મી ઝૌકો શૌકના સબબ તેમાં શાયેઅ થાનાર હર મઝમૂન ને ખૂબ જ ગૌરથી અને દિલચસ્પીથી વાંચે છે. જેમ લફ્ઝી કશમકશ ઈલ્મી કસૌટીનો એક ઝરીઓ બનેલો છે, તેમ આ કોલમમાં હમેં ચાલુ શુમારા માંથી ટોપિક્સ શાયેઅ થયેલા હોય તેમાંથી જ ચંદ સવાલો આપને દરમિયાન આપીશું. ટોપિક્સ ધ્યાનથી વાંચીને આપને તેના જવાબો તલાશ કરવાના છે અને પોતાના ઈલ્મ અને યાદદાશ્તને ચકાસવાની છે. સવાલોના આખિરમાં તેના જવાબો ઉલટા પ્રિન્ટ કરવામાં આવા છે. જેના સબબ આપ ખુદ તેને વાંચીને પોતાનો જવાબ ખરો છે કે ખોટો તે જાણી શકો.

**સવાલો :**

(૧) તસ્બીહે મુજર્રબમાં અલ્લાહતઅલાના કયાં નામની ઝિક્ર કરવામાં આવી છે ?

(૨) સૈ. મોહંમદ બિન તાહેર (રિ.અ.) એ કઈ કિતાબ તસ્નીફ ફરમાવી છે ?

(૩) ઈસ્તિકબાલનું પહેલું પગથિયું કયું છે ?

(૪) રૂહાની દરજાઓમાં ઈમાન રાખવાથી શું હાસિલ થાય છે ?

(બકીયહ પેજ નં. ૬ ૫૨)

## દરસે લિસાનુદ્દાઅવત

### مؤمن ني قدر

طاعت گذار مؤمن ته لوگو ساتهے چهے كه جه نے الله يه نعمت بخشى چهے۔ يه كون كه انبياء، صديقين، شهداء انے صالحين چهے۔ ياد رهے كه صديقين تهوصيو چهے، شهداء ته امامو چهے، صالحين ته امامو نا بعد حدود كرام انے مؤمنين چهے كه جهنا رئيس دعاة امجدين چهے۔

مولانا الامام محمد الباقر ع م فرماوے چهے كه، جو تميں همنے تملرا هر دنياوي انے ديني امور نا امام تسليم كرتا هوؤ تو هماري صورة انے سيرة پر چالو۔ جو تميں همنے پرهيزگار انے ديندار بنينے مدد كرسو، تو الله تمنے هر چيز ما كشادگى عطا كرسے۔ همارا ماں سي نبي، صديق، شهيد انے صالح چهے۔ آ تمام نا نور ني جهلك تميں حاصل كرسو۔ تميں مؤمن چهو همرا قريب چهو انے همرا حصه چهو۔

تميں مؤمن بے٢ قسم نا چهے، ايك تو وه كه جه الله سبحانه ني كل شرطو نے مانے،وفاء كرے، تو يه مؤمن انبياء، صديقين، شهداء انے صالحين ساتهے جنة مار هسے، اهنے بيجا خطاوار مؤمن ني شفاعت كروانو حق ملسے، دنيا انے آخرة نا عذاب و اهوال يعني هولناك مصيبتو سي اهنے امان ملسے۔ بيجو مؤمن ته كه جهنو ايك قدم پهسلي گيو هوئي يعني عمل كروا ما قصور كيدو هوئي، مگر ايمان نو قدم ثابت هوئي تو اهنو ايمان سلامت چهے۔ آ صورت حال ما اهنے دنيا انے آخرة ني مصيبتو پهنچسے، گرفتار بلاء تهاسے۔ يه مؤمن خير اوپر چهے انے اهناواسطے شفاعت كرواما آوسے۔ اے همرا شيعه مؤمنين، تمارو نام قرآن ما صالحون چهے، تو هوے تماروكام بهي صالحون نوكام هوو جوئيسے۔

### મુમિન ની કદર

તાઅતગુઝાર મુમિન તે લોગો સાથે છે કે, જેને અલ્લાહતઆલાએ નેઅમત બખ્શી છે. એ કૌન કે અંબિયા, સિદ્દીકીન, શોહદા અને સાલેહીન છે. યાદ રહે કે, સિદ્દીકીન તે વસીઓ છે, શોહદા તે ઈમામો છે, સાલેહીન તે ઈમામોના બાદ હુદૂદે કિરામ અને મુમેનીન છે કે જેના રઈસ દોઆતે અમજદીન છે.

(બકીયહ પેજ નં. ૧૫ પર)

(પેજ નં. ૫ નું બાકી)

(૫) "મજમઉલ બહરૈન" નઝદીક મૌ.મૂસા નબી કઈ ચીઝ ભુલી ગયા હતા ?

(૬) ------- માં અકીદો રાખવો મુમિનને રોઝી અતા કરે છે ?

(૭) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આગલા તમામ અંબિયાના કલેમાત કરતા કયા બહેતરીન કલેમાત લઈને આવા ?

જવાબો : (૧) લતીફ (૨) કિતાબુ સોબોલુન્નજાત (૩) સલામ (૪) શફાઅત અને નજાત (૫) મચ્છી (૬) ઈમામત (૭) લા ઈલાહા ઈલ્લલ્લાહ. ☆

## રૌઝહ બદરીયહ
## ૩૧ માં દાઇએ મુત્લક સૈ.હસન બદરૂદ્દીન બિન સૈ.વલી બિન સૈ.અજબ બિન સૈ.જલાલ સાહેબ (આ.કુ.)
## તારીખે ઇન્તેકાલ : ૧૯ રબીઉલ આખર હિ.૧૦૯૦, સરસપુર, અહમદાબાદ

આપ મૌલા ૨૯માં દાઈએ મુત્લક સૈ.અલી શમ્સુદ્દીન સાહેબ શહીદે આઅઝમ (આ.કુ.) ના હામી મુહામી, નાસિરો મુઈન હતા. આપની શહાદત અને હક્કાનીયતનું દમ ભરનાર હતા. આપની દાઅવતે હક્કની હિફાઝત વાસ્તે આપ મૌલાએ પૂરી ઝિંદગી વકફ કરી દીધી, ખિદમતે અલવીયહની આઅલામાં આઅલા મિસાલ કાઈમ કીધી. કેમ ના કરતા ! આપ મૌલાના પરદાદા સૈ.જલાલ ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) હતા. આપ દાઅવતના એક ફરઝંદ અને ખાદિમ-અબ્દ હોવાની ઝિમ્મેદારી પૂરી તરહ સમઝતા હતા.

આપ મૌલાના નામમાં **"હસન"** અને **"બદર"** બેવે બેનમૂન અલ્ફાઝ છે. "હસન" ને સાથે "હુસ્ન", "હસનત" અને "અહેસાન" તઅલ્લુક રાખે છે અને "બદર" સાથે "ચાઁદની રોશની" તઅલ્લુક રાખે છે. આપ મૌલાના અખ્લાક, આઅમાલ અને ખસલતોમાં **હુસ્નો જમાલ, પાકીઝગી અને ચાઁદની રોશનીની મિસિલ** ઠંડક અને નઝાકત હતી. આપના રૌઝહ બદરીયહ જે કબ્રસ્તાનમાં વાકેઅ છે, તેની પહેલા "પીર જલાલ" ના નામથી શનાખ્ત થાતી હતી. આ નામથી ઝાહિર થાય છે કે, તે જગામાં આપના પરદાદા સૈ.જલાલ સાહેબના ઝમાનના લોગો, અહલો અકરૂબા, હુદૂદો મશાઈખ, મુમેનીન વગૈરહ મદફૂન થાતા હતા. આ જ તારીખી કબ્રસ્તાનમાં એક છેડા પર હમારૂં જૂનું મુસાફિરખાનું હતું અને બીજા છેડા પર આપ મૌલાનો રૌઝહ બદરીયહ આજે વાકેઅ છે.

આ રૌઝહમાં આપ મૌલાના અહલો અકરૂબાની કબરે અન્વર સાથે કબરો હતી, ખિદમતગુઝારોની તુરબતો હતી. મગર હિ.૧૪૧૧ માં આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) જે વક્ત માઝૂને મુત્લકના દરજાના ફાઈઝ હતા, તે વક્ત આ રૌઝહની તરમીમાત અને તઝયીન કરવામાં આવી. દરવાઝા, બારીઓ અને બાહરનો ઝીનો બરાબર ઈમારતના લેહાઝથી બનાવવામાં આવો. તેની છતની બિના અને તશકીલ તરઝે નૌ પર કરવામાં આવી. ૪૪માં દાઈએ મુત્લક **સૈ.અબૂ હાતિમ તૈયબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.)** એ તે રૌઝહનો ઈફતેતાહ ફરમાવો અને આપ મૌલાના નૂરે ફરશ અને અરશને તાબિંદા કીધું.

૨.આખર ૧૪૪૨ હિ. માં મુનાફિકીને મકરબાઝી કરીને આપના રૌઝહના ઈર્દગિર્દ ઝમીન બાબત ફસાદ કીધો. દુનિયાપરસ્તોની શયતાનીયતે તેનું નાપાક સર ઉઠાવું. તે વાસ્તે દાઅવતે હક્કના મુહિબ્બીન અને શબાબોની એક બાહોશ અંજુમન વુજૂદમાં આવી કે, જેઓને "બાગે હસન" ની મુબારક પહેચાનથી નામઝદ કરવામાં આવી. આ અંજુમનની સરપરસ્તી અને નિગાહદાશ્તી મુકાસિરૂદ્દાઅવત સૈ.મોહંમદ નૂરૂદ્દીન સાહેબ (દા.મ.) કરી રહ્યા છે.

આકા મૌલા સૈ.અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ના ફરમાને આલી મુતાબિક રજબુલ અસબ્બ ૧૪૪૨ હિ. ના મુબારક મહીનાની પહેલી જુમ્આથી મસ્જિદે નૂરાનીના મુમેનીન દરમિયાન આપ મૌલા મુકદસની ખિદમત વાસ્તે બાગે હસનના અરાકીનોએ "હુબ્બ" લેવાની શુરૂઆત કીધી. નમાઝ દૌરાન અંજુમનના એક રૂકન ઉભા થાય અને મસલ્લે-મસલ્લે જાય અને મુમેનીન મુખ્લેસીન પોતાના અકીદા અને માલી ઈસ્તેતાઅત મુજબ જે કઈ હુબ્બ દામનમાં નાખવી હોય, તે અતા કરે, આ મુજબનો સિલસિલો હાલ તક જારી છે. આકા મૌલાની હિદાયતે ખાસ્સહથી એક માઅતબર રકમ ખિદમતે બદરીયહ વાસ્તે જમાઅ થઈ ગઈ.

સફરૂલ મુઝફ્ફર ૧૪૪૭ હિ. માં અહમદાબાદમાં વાકેઅ દાઉદી બોહરા કૌમના મઝારે કુત્બીના મુહતમિમ સાહેબો અને રઝાકરોની નુસરત અને તઆવુનથી મઝકૂર રૌઝહ બદરીયહની તરમીમાત અને તઝયીનની (બકીયહ પેજ નં. ૯ પર)

## અપની ઝબાન – કિસ્ત - ૧૦

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઈ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઈ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :** ગપતિયો, ઝાંગડ, મઝ બદું, નિવાલો, પલીદું.

**નવા અલ્ફાઝ :**

✷ **આસ્તે આસ્તે :** ધીમે, આહિસ્તા, રૂકી-રૂકીને

ઈસ્તેમાલ : પગમાં વાગી ગયુચ. ઈતલે દાદર આસ્તે આસ્તે મારાસી ચઢાસે.

✷ **ઢટ્ટી કૂટવી :** માથું મારવું, બગૈર કોઈ કામ બેસી રહેવું.

ઈસ્તેમાલ : બરાબર એક જગા નોકરી કરીને થરીથામ થા. નઈ તો ઘરે ઢટ્ટી કૂટવાનો વારો આવશે.

✷ **એના વિતરના :** કોઈની જગા પર, કોઈના બદલામા.

ઈસ્તેમાલ : ભાઈ ! તમેં જો મારા તાં જમવા ન આવી સકતા હોવ તો કઈ નઈ, પન તમારા વિતરમાં કોઈને તો મોકલજો !

✷ **ખુર પગો :** જેનું આવવું બદ હોય, જેના આવવાથી બેકરારી યા નહેસપણું દાખિલ થાતું હોય, કામ બિગડતું હોય.

ઈસ્તેમાલ : આવો ખુર પગો ! હમના કોઈ ખરાબ સમાચાર આવસે, કોઈ આફત-બલા એને પાછલ-પાછલ આવસે.

✷ **મજલો :** માલો, મંઝિલ, ફ્લોર

ઈસ્તેમાલ : ઓમાઁ ! તું તો પાંચમા મજલા પર રહેચ ! લિફ્ટ હોય તો જ તારે તાં તો અવાય.

ઘ **ઓખાર :** મેલું, ખરાબ, કચરાવાલું

ઈસ્તેમાલ : શાદીઓમાં ટાઈમ જ નથી મિલતો. કિતલા દિવસોસી ઘર તો ઓખાર પડેલુંચ. ✮

---

**દુનિયાવી જિસ્માનીયતની નૈકીના ઝરીએ નબી સાહેબ આખેરતની રૂહાનીયત તરફ લઈ જાય છે.**
**આ જન્નતોના એક પણ દરજાના સાહેબને મુકવાથી ઈન્સાનના કીધેલા આઅમાલ પડી જાય છે.**

**હુજ્જતે ઈમામે હક્ક (અ.સ.), બાબે ઈમામે હક્ક (અ.સ.) ના ઈલ્મી અને અમલી વારિસદાર બને છે. આપ સાહેબ બાગે જન્નતના પાઁચમા દરવાઝા છે.**

(પેજ નં. ૭ નું બાકી)

ઈબ્તેદા થઇ. બાગે હસને આ ખિદમતે હસનીયહનો તખ્મીનો અને અંદાઝો લગાવો અને તે વાસ્તે કમરબસ્તા થયા. મુમેનીન મુખ્લેસીને જે મુબારક હુબ્બ આપ મૌલાના નામ પર અતા કીધી હતી, તેને બહેતરમાં બહેતર તૌર પર ખર્ચ કરવાનું તય કરવામાં આવું. તઝયીનના આ કારે ખુસૂસીમાં રૌઝહ મુબારકહની સીલિંગ, લાઈટિંગ, પેરાપેટિંગ, ટાઈલિંગ, કલરિંગ, ફેબરિકેશન, માર્બલ પોલીશિંગ, પાથવે વગૈરહની ઝરૂરત અને હાજિત પૈશ આવી. આ ૩૬ સાલના દૌરાન રૌઝહ શરીફહમાં ઝઈફી અને નહીફીના ખુલ્લા આસાર નુમાયા થાતા હતા. આ સાથે ઝાએરીનને રૌઝહમાં અને તેના તરફ પહોંચવામાં પરૈશાની અને દિક્કતનો સામનો કરવો પડતો હતો.

આ તમામ વુજૂહાતને મદ્દે નિગાહ રાખીને મુખ્તલિફ એજન્સીઓ સાથે કામ લઇને અઢી મહીનામાં ઉમ્મીદ મુજબનું કામ અંજામ પર પહોંચું. બાગે હસનના અરાકીનની દિલોજાનથી ખિદમત રંગ લાવી જે વક્ત આપ મૌલા મુકદસના ૧૮મી ર.આખર ૧૪૪૭ હિ. ના દિન મગરિબની નમાઝ બાદ આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) એ આપના દસ્તે મયમૂન પર ઝીનતયાફતા અને રૌનકઅફરોઝ રૌઝહનું ઈફતેતાહે સઈદ ફરમાવું. મુમેનીન મુખ્લેસીનની પુરજોશ હાઝિરી હતી. **તમામના દિલો અકીદતમંદીથી અને શૌકે ઝિયારતથી પુર હતા,** આઁખો નમ હતી. તમામના હાથમાં રૂમાલ અને ઈતરની તબર્રૂકાત હતી કે, જેને આકા મૌલા સૈયેદના સાહેબે (ત.ઉ.શ.) તમામ હાઝેરીન ઝાઈરીનને ઈફતેતાહના પુર મસર્રત મૌકા પર આપ મૌલા મુકદ્દસની ખાસ ઝિક્રા વાસ્તે અતા કીધેલી હતી. આપ મૌલાનો વસીલો અને મન્નત તમામના લબો પર હતી કે, જેના સબબ ઈમાનો યકીનથી પૂરા રૌઝહ મહેકતા હતા. **બિલા શક ! તે રૌઝહ, જન્નતના રૌઝહમાંથી હતા. તેની ખુશ્બૂ જન્નતી મુશ્કમાંથી હતી.** તેનો નઝારો જન્નતી મહેલનો હતો કે, જેમાં દાઈયુલ્લાહિલ અમીન ફરિશ્તાઇ મુમેનીને લઇને રૂહાની નેઅમતોની લાફાની લઝઝતો અતા કરી રહ્યા હતા.

આપ મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) એ આપના બયાને પુરહિકમતમાં ફરમાવું કે, "આપની દાઅવતે હક્ક, આ દૌરૂસ્સતર ફસાદદાર અને શયાતીનિલ ઈન્સે વલ જિન્નના ખિલાફ છે. આપ મૌલા મુકદ્દસે હક્કની જમાઅતના મુમેનીનને આ તરહના લોગો થી દૂર રાખેલા છે, આપના બાતિની અકાઈદને સલામત રાખેલા છે, અપના ઈમાન અને રસ્મો તરીકાનો તહફ્ફૂઝ કીધેલો છે અને આના સિવાય બાલાતર અને બરતર તો એ નુક્તું છે કે, આપે બેવે અલીએ આઅલા (હમેં આપના કુદસ તરફ પહોંચીએ) ના હક્કને, મંઝેલતને, દરજાને અને ફઝાઈલને ઝાહિર કીધેલા છે. ૧૭ સાલ તક પોશીદા રહીને, ટાંકામાં ઝિંદગી ગુઝારીને આ દૌરૂસ્સતરની દાઅવતને સંભાલી છે. આપની **ઇલ્મો કલમની તાસીર, ખંદાપૈશાની, ફૌલાદી અઝ્મ, સબરો તહમ્મુલ, ઇન્કેસારી, સાદગીની** મિસાલ જહાનમાં મિલવી મુહાલ છે."

આપ મૌલા મુકદસના એજાઝાત અને કરામાત સૂરજની રોશની જેમ ઝાહિર છે. આ તમામના શાહિદ અને મઝહર આપના રૌઝહ મુબારકહ છે. આ રૌઝહની રૌનક અને આબોતાબ આજે દોબાલા થઇ છે. ભલે ! એક ગોશામાં આપના રૌઝહ છે, મગર તે કબ્રસ્તાનમાં મિસ્લે બદર અને તાબિંદા કમર થઇને ચમકી રહ્યા છે. ગોયા કે, પૂરી જગા એક અંધારી રાત હોય અને આપના મઝારે અહસન એક બલંદતર બદરે મુનીર જેમ ઠંડી રોશની મુન્તશર કરીને મુમેનીનના દિલમાં નુકતતુન્નૂર દાખિલ કરી રહ્યા હોય. આ દિલકશ નઝારો ઝાઈરીને પોતાની નિગાહોથી અને દિલોથી મહેસૂસ કરીને અલ્લાહતઆલાની બારગાહમાં આફરીન અને મરહબા પુકારા છે. અલ્લાહતઆલા આપ મૌલાની ઝિયારતે શરીફહથી હરએક મુમિનને ખાસ કરજો. ✯

## તસ્બીહે મુજર્રબ
## રોઝી – રિઝકને તલબ કરવું

અલ્લાહતઆલાએ પોતાના કબ્ઝામાં રોઝી અને મૌતની લુગામ, ઝમામ અને નિઝામ રાખેલા છે. કોઈ પણ મખ્લૂક કે બંદાની મકદૂર કે હૈસીયત નથી કે, તેમાં દખલઅંદાઝી કરી શકે. દુનિયાના ગુઝર-બસર વાસ્તે હરએકને પોતાની રોઝીની ફિકર લાગેલી હોય જ છે. કોઈના ઝબાન પર શુક્રના કલેમાત હોય છે, તો કોઈ નાશુક્રીથી લાલચ-તમાઅના ચક્કરમાં ગિરફતાર હોય છે. કોઈને થોડામાં જ કનાઅત-કિફાયત થઈ જાય છે, તો કોઈને ઘણું ઝિયાદહ જોઈતું હોય છે. કોઈ પોતાની મહેનતથી કમાય છે, તો કોઈ દગાખોરી અને ચોરીથી પૈસાને એકઠા કરે છે. મગર જે સાચો બંદએ ખુદા હોય છે, એ કોઈ પણ વક્ત, કોઈ પણ હાલતમાં, શુક્રનું દામન છોડતો નથી અને હલાલન-તૈયેબાહ રોઝીની તલબમાં ઘરથી નિકલી પડે છે.

જે ઈમાનદાર તાલિબે રિઝક હોય, એના ઉપર વાજિબ છે કે, કુરઆને કરીમની તે આયાતે કરીમહની તિલાવત કરે, વિર્દ કરે, પઢે કે જેમાં “લતીફ” લફ્ઝ આવે છે. **આ તરહની આયતો ૭ છે અને હરએક આયતને રોઝ ૭ મરતબા વુઝૂની હાલતમાં પઢે.**

(૧) **આયત ૧૦૩ - સૂરતુલ અન્આમ :** ઈન્સાનની આઁખો તે અલ્લાહતઆલાને જોઈ શકતી નથી, મગર તે અલ્લાહ આઁખોને જોઈ શકે છે અને તે બારીકબીની રાખનાર મહેરબાન “**લતીફ**” છે, હર ચીઝથી ખબરદાર છે.

(૨) **આયત ૧૦૦ - સૂરતો યૂસુફ :** ઝરૂર ! મારા રબ્બ અલ્તાફો કરમવાલા “**લતીફ**” છે, તે ચાહે તે કરે. બેશક ! તેં અલ્લાહતઆલા ઈલ્મવાલા છે, હિકમતવાલા છે.

(૩) **આયત ૬૩ - સૂરતુલ હજ્જ :** શું તમેં નથી જોતા કે, અલ્લાહતઆલા આસ્માનથી પાનીને ઉતારે છે, પછી ઝમીન સરસબ્ઝ થઈ જાય છે. બેશક ! અલ્લાહતઆલા “**લતીફ**” બારીકીથી અને ખબરગીરીથી તમામ ઊમૂરને સંભાલે છે.

(૪) **આયત ૧૬ - સૂરતો લુકમાન :** અય મારા પ્યારા દીકરા ! વાતની હકીકત એ છે કે, અગર કોઈ રાયના દાના બરાબર પણ રિઝક-અમલને પત્થરના નીચે છુપાવી દે, ઝમીનમાં યા આસ્માનમાં તે મૌજૂદ હોય, તો પણ અલ્લાહતઆલા તે નાના જેવા અમલને સામે લાવીને મુકી દેશે. બેશક ! અલ્લાહતઆલા “**લતીફ**” છે, ખબીર છે.

(૫) **આયત ૩૪ - સૂરતુલ અહઝાબ :** બિલા શક ! અલ્લાહતઆલા ચાહે છે કે, તમારાથી નાપાકીને દૂર રાખે, અય અહલુલ બૈત ! તમને હર તરહથી પાકીઝા રાખે. તમેં સઘલા યાદ રાખો કે, તમારા ઘરોમાં અલ્લાહતઆલાની આયતો અને હિકમતોને પઢવામાં આવી રહી છે. ઝરૂર ! અલ્લાહતઆલા લુત્ફવાલા “**લતીફ**” છે અને ખબરદાર છે.

(૬) **આયત ૧૯ - સૂરતુશ શૂરા :** અલ્લાહતઆલા પોતાના બંદાઓ પર કરમ કરવા વાલા “**લતીફ**” છે, ચાહે એને રોઝી અતા કરે છે અને તે અલ્લાહતઆલા કૂવત-તાકતવાલા છે, ઈઝઝતવાલા છે.

(૭) **આયત ૧૪ - સૂરતુલ મુલ્ક :** શું નથી જાણતો ઈન્સાન કે એને પૈદા કરવાવાલો કૌન છે ? તે અલ્લાહતઆલા નઝરે ઈનાયત કરનાર “**લતીફ**” છે, ખબરદાર છે. ☆

## " તમને અને મને ના પહેચાના "

### કિસ્ત - ૫

રસૂલુલ્લાહ બાવાજીએ વલીયુલ્લાહ માઁ ને ફરમાવું કે, "અય ભાઈ અલી ! બયતુલ ખલા (સંડાસ) ની ૧ ૨ અદબો છે, જે કોઈ શખ્સ આ ૧ ૨ અદબોને ના જાણે, તો એં મને અને તમને ના પહેચાના. હર કોઈ જે મુમિન હોય એને આ ૧ ૨ અદબોના ઝાહિર અને બાતિનનું જાણવું વાજિબ છે."

આ કલામે નબવીથી હમને માઅલૂમ થાય છે કે, જે કોઈ શીઅયાને અલી હોય અને એ આ ૧ ૨ અદબોને ફરામોશ કરે, તે મુજબ અમલ ના કરે તો એં નબી અને વસી બેવે ને ના પહેચાના.

**અદબ ૧૧ :** ગાઈટ (સંડાસ) ઉપર ઈસ્તિન્જા ના કરે. એક મકાન પરથી ઉઠીને બીજી જગા પર જાય અને ડાબા હાથથી ઈસ્તિન્જા કરે.

આ અદબની તશરીહ ખૂબ જ આસાન છે. અલ્લાહતઆલાએ ઈલ્મ બે તરહના આપેલા છે. એક તરહનું ઈલ્મ ગુમ્રાહ કરનાર હોય છે અને બીજા ઈલ્મ ના સબબ હિદાયત મિલે છે. એક ઈલ્મ બાતિલ અને જૂઠની બિના પર હોય છે અને બીજું ઈલ્મ, હક્ક અને સચ્ચાઈની બુનિયાદ પર હોય છે. જે શખ્સ આ બેવે ઈલ્મને ખલત-મલત કરેશે, મિલાવી દેશે એને કોઈ જ ફાયદો થાશે નહીં. તેના બરઅકસ એ નુકસાન અને શરમિંદગીમાં ગિરફતાર થાશે. **ઇલ્મે હક્ક તેની જગા પર રોશન છે અને ઇલ્મે બાતિલ તેની જગા પર તારીકી અને બદગુમાની છે.**

કોઈ શખ્સ હાજિત કરવા બેસે, તો પહેલા વાસણને તમામ તરહથી સાફ કરે, નજાસતથી બિગડેલી જગાને બરાબર ધોઈ નાખે પછી જ ઈસ્તિન્જા કરે. હમારા ઉપર ખૂબ ખૂબ વાજિબ છે કે, હમેં ઈસ્તિન્જાની માઅનાને સમઝીએ કેમકે, આ બુનિયાદી અમલથી તો વુઝૂના ઝરીએ હમારી પાકીઝગીની ઈબ્તેદા થાય છે. દોબારહ હમેં ઈસ્તિન્જાની માઅના સમઝી લઈએ. ઈસ્તિન્જા યાઅની હમારા જિસ્મના બે મરકઝી મખ્રજો કે જેમાંથી પૈશાબ અને સંડાસ (નજાસત, ગાઈટ) બાહર નિકલે છે, તે જગા અને તેના દરમિયાનની જગાને ડાબા હાથથી ધોઈ, જગાને આંગલાઓથી દબાવે કે, અંદર રહી ગયેલા પૈશાબના ટીપા-કતરાઓ બાહર નિકલી જાય, આ તરહ બેવે મખ્રજોને સાફ કરવાના અમલને ઈસ્તિન્જા કહે છે.

**"ઇસ્તિન્જા"** કીધા પછી કહેવાય કે, "હાજિતથી ફારિગ થઈ ગયા", કે જે અલ્ફાઝને હમેં સંડાસની ૧ ૨ અદબોમાં બોલીએ છે. આના બાદ હમેં "અલ-હમ્દો લિલ્લાહિલ લઝી અમાતા", ની દોઆ પઢીએ છે. પૂરા જહાનમાં ગૈર-ઈસ્લામી મુલ્કોની વાત તો છોડો, મગર જે લોગો કુરઆન પઢે છે, ઈસ્લામને પોતાનું દીન તસ્લીમ કરે છે, નબી સાહેબને પોતાન રસૂલ અને હાદી માને છે, તેઓના દરમિયાન પણ આ તરહ **"ઇસ્તિન્જા"** નો પાકીઝગીનો અમલ નથી. અહલુલ બૈત (અ.સ.) જે કુલ્લી તૌરથી પાકો સાફ છે, તૈયેબો તાહેર છે, તેઓ પર ઈમાન લાવનાર મુમેનીનની જમાઅતમાં જ, હમારી આદતો ખસલતમાં જ આજે ઈસ્તિન્જાની સુન્નતે ખાસ્સહ જારી છે. અહલુલ બૈતના સબબ જ હમેં બૈતુલ ખલા (સંડાસ) ની ૧ ૨ અદબોને અપનાવેલી છે. તેઓના સબબ જ હમારી વુઝૂ કામિલ અને પુખ્તા છે. તેઓના ઈલ્મથી હમારી જાનો પાકીઝા થાય છે અને તેઓની સુન્નતોના સબબ હમારા જિસ્મો અને બદનો પાકીઝગીનો આઅલામાં આઅલા લિબાસથી ઝૈબ-તન થાય છે. ✫

**વસીએ આઅઝમ (અ.સ.), નબીએ અકરમ, સાહેબે અરહમ (અ.સ.) ના ઈલ્મી અને અમલી વારિસદાર બને છે. આપ સાહેબ બાગે જન્નતના આઠમા દરવાઝા છે. આ દરવાઝો તમામ કરતા આઅલા, અફઝલ અને બલંદતર હોય છે.**

## મૌ.મૂસા કલીમુલ્લાહ અને મૌ.ખિઝિર (અ.સ.)

### કિસ્સહ અજીબહ - કિસ્ત-૧

કલામુલ્લાહમાં સૂરતુલ કહેફમાં ઝિક્રે ખૈર એમ આવેલી છે કે, જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ યહૂદ લોગોને અસ્હાબુલ કહેફનો કિસ્સો સંભલાવો તે વક્ત તેઓએ આપને એ આલિમનો સવાલ કીધો કે, જે સાહેબે જલાલતને મૌ.મૂસા કલીમુલ્લાહ તાબેઅ થયા. એના ઈલ્મ મુજબ અલ્લાહના ખૈરને તલબ કરવા લાગા. આનો સબબ તે બનો કે, અલ્લાહતઆલાએ મૌ.મૂસાને તૌરત કિતાબ આપી અને તેમાં " **મિન કુલ્લે શયઇન** ", હર ચીઝના બાઝને (થોડાને) આપના વાસ્તે વાઝેહ કીધું, લખી દીધું અને તે વાસ્તે ઈલ્મના દરવાઝા ખોલી આપા.

જે વક્ત આ બિના બની તો મૌ.મૂસા સમઝા કે, " **કુલ્લા શયઇન** ", હર ચીઝને અલ્લાહએ લખી આપી છે અને મારા કરતા કોઈ ઝિયાદહ આલિમ-જાણકાર નથી. કુલ બની આદમમાં હું જ ઈલ્મથી મુઝય્યન છું. તે વક્ત અલ્લાહતઆલાએ મૌ.જિબ્રઈલને એમ કહીને મોકલા કે, તમેં મૌ.મૂસા પાસે જાવ, તે જગા પર કે બે દરીયાઓનો સંગમ થાય છે. તે જગા પર એક મોટો પત્થર-સખ્રહ છે. તેના નઝદીક એક આલિમ મૌજૂદ છે, તેમનાથી મૌ.મૂસાને મિલાવો. જે વક્ત મૌ.મૂસા એમની માઅરેફત કરશે તો એ આલિમથી શીખશે અને જાણી લેશે કે, એ આલિમ મૌ.મૂસા કરતા ઝિયાદહ ઈલ્મવાલા છે. એમના ઈલ્મ આગલ મૌ.મૂસાનું ઈલ્મ કઈ જ નથી. એ હકીકત સાબિત થાશે કે, એક આલિમ ઉપર બીજા આલિમ મૌજૂદ હોય છે.

ફરમાને ઈલાહી મુજબ મૌ.જિબ્રઈલ હાઝિર થયા, નાઝિલ થયા. એ સાહેબે ઈલ્મ-આલિમથી કઈ તરહ અને કહાં મુલાકાત થાશે તેની હિદાયત આપી. મૌ.મૂસા, મૌ.જિબ્રઈલના કહ્યા મુજબ એક નમકીન ભૂનેલી મચ્છી લઈને આપના સાથે એક શબાબ-યૂશઅને લઇ ગયા અને જે પાનીના ચશ્મા (દરીયા) ની નિશાની બતાવવામાં આવી હતી, તે જગા પર જઈને ઠહેરા. યૂશઅ ખૂબ જ સંભાલીને તે મચ્છીને પાનીમાં ધોવા ગયા. બકુદરતે ઈલાહી તે મચ્છી ઝિંદા થઈને દરીયાના તલીયાના પાનીમાં સુરાખ-કાનું કરીને તેની સતેહમાં ગાઈબ થઇ ગઇ.

તે દરીયાનું પાની " **મજમઉલ બહરૈન** " નું હતું કે, જે આબે હયાત હતું. કોઈ તે પાનીને પીએ તો ઝિંદા થઈ જાય. તે દરીયાના સાહિલ પર એક શખ્સ સુતેલા હતા. મૌ.મૂસા અને મૌ.યૂશઅએ એને ઓલખા નહીં. એને અને તે મચ્છીને પણ વહાઁ જ છોડીને ભૂલથી આગલ નિકલી ગયા. એક દિન ગુઝરી ચુકો હતો, સફર લંબો હતો. બીજો દિન થયો, થાકી ગયા હતા અને જહાઁ પહોંચા વહાઁ ખૂબ ભુખ લાગી. તો નાશ્તા વાસ્તે પોતાની ઝંબીલ માંથી મચ્છીને નિકાલવાનો ઈરાદો કીધો મગર તે દસ્તયાબ ના થઈ.

મૌ.મૂસાને યાદ આવું કે, મચ્છીને તો અપને "મજમઉલ બહરૈન" નઝદીક મુકીને ભુલી આવા છે. શાયદ કે, લાગે છે કે અપનો મકસદ પણ તે જ જગા હતી. બેવે સાહેબો જે રસ્તાથી આવા હતા, તે જ રસ્તે પાછા વલા અને તે જગાની ફૌરન શનાખ્ત કરી લીધી. વહાઁ ગયા તો શું જોઈ છે કે, એક બંદએ ખુદા-સાહેબે ઈઝઝત તે જગા પર હાઝિર છે, એમના સાથે મુલાકાત કીધી. આ એ સાહેબે જલાલત છે કે, જેને અલ્લાહતઆલા એ રહેમત અને ઈલ્મે લદુન્ની બખ્શું હતું. તેના કરમો ઈનાયાતથી ખૂબ જ કરીબ હતા અને તેના કરીન હતા. આ તરહ " **મજમઉલ બહરૈન** " પર મૌ.મૂસા, મૌ.યૂશઅ અને એ આલિમ ફાઝિલની મુલાકાત, મુસાબેહત અને મુરાફેકત થઈ, યાઅની મુલાકાત થઈ. ☆

---

**શફાઅત અને નજાત, આ રૂહાની દરજાઓમાં ઈમાન રાખવાથી થાય છે.**

**નબીએ અકરમ (સ.અ.), અલ્લાહતઆલા તરફથી તમામ મખ્લૂકાતની હિદાયત વાસ્તે તયશુદા સાહેબ હોય છે.**

## દરસે કુરઆને કરીમ : સૂરતુલ બકરહ

### આયત : ૬૦ અને ૬૧

**આયત ૬૦ : માઅના :** જે વક્ત કે મૌ.મૂસા કલીમુલ્લાહએ હમારા પાસેથી પોતાની કૌમને વાસ્તે પાની તલબ કીધું, તે વક્ત હમેં કહ્યું કે, આપની અસા-લાકડીને પત્થર પર મારો. આ અમલના સબબ તેમાંથી ૧ ૨ પાનીના ઝરણા-ચશ્મા ફૂટી નિકલા, જારી થયા. હરએક કૌમે આ ૧ ૨ ચશ્માઓને પોત-પોતાની પનઘટ-ઘાટ બનાવી લીધા. હમેં તેમને કહ્યું કે, અલ્લાહતઆલા ના રિઝકમાંથી ખાવો અને પીવો, મગર ફિત્નો-ફસાદ કરીને ઝમીનમાં ના ફિરો.

**તશ્રીહ :** ઉમ્મતના લોગો જે વક્ત પણ પ્યાસા થયા, બેકરાર થયા, નાઉમ્મીદ થયા, તો તે ઝમાનાના નબી યા સાહેબે હક્કએ અલ્લાહતઆલાની બારગાહથી વરસાદ, નેઅમત અને રહેમતને તલબ કીધી. બારિશ તલબ કરવું પણ અંબિયાનો અમલ છે. રસૂલુલ્લાહ બાવાજીએ મદીનામાં ખુલ્લા મૈદાનમાં ઈદની નમાઝને મિસિલ વરસાદ માંગવાની-સલાતુલ ઈસ્તિસ્કાની નમાઝ પઢી હતી. જો લંબા વક્ત તક બારિશ ના આવે, પાનીના તમામ અસ્બાબ સુકાઈ જાય, રોઝી તંગ થાતી જાય, તો સાહેબે હક્ક રબ્બુલ ઈઝઝતથી તાલિબે રહેમત થાય છે અને તે વાસ્તે દોઆ અને નમાઝ દરકાર હોય છે.

ઉપર મઝકૂર આયતમાં મૂસા કલીમુલ્લાહ તલબે બારિશ કરવા પોતાની લાકડી-અસા મુબારકનો ઈસ્તેમાલ કરે છે. એક મખ્સૂસ જગા પર એક મખ્સૂસ પત્થર પર પોતાના જમણા હાથમાં લાકડી પકડીને મારે છે. આ લાકડી મારવી તે પોતાની જગા પર મૌ.હારૂનને આપના બાઝૂદાર, આપના વસી, આપના વારિસ અને મુમેનીનના વલી મુકર્રર કરવું છે. આ તરહ મૂસા નબી કૌમની ઈલ્મની પ્યાસ બુઝાવી શકા, તે પત્થરમાંથી પાની જારી થાય કે તમામ શિદ્દતોને મિટાવી શકા.

મૌ.હારૂને એમના મુરબ્બી અને મુઅલ્લિમ મૌ.મૂસા નબીના ઈલ્મને ફાડું, નશર કીધું અને તે મુજબ ફેલાવું કે જહાનના હર જેહતમાં, હર જગા પર ૧ ૨ કૌમોના ઝરીએ કે જે ચશ્માની મિસિલ હતા, ઈલ્મે મૂસવી મુન્તશર થઈ ગયું. આ ૧ ૨ ચશ્માઓની પનઘટ પર મૂસા નબીએ દોઆતને મુકર્રર કીધા કે, જેઓએ **ઇલ્મો હિકમતના પાનીથી** નબી મૂસા અને વસી હારૂન તરફ દાઅવત દીધી. જે લોગો આ ઘાટ પર આવા તેમની હર ઉમ્મીદ પૂરી થઈ અને ઈમાન કામિલ થયું.

હર નબીના ઝમાનમાં એક અસા હોય છે અને તે અસા એમના વસી હોય છે. આ અસાએ વસીના ઝરીએ શરીઅત જે આમ લોગો વાસ્તે સખ્ત હોય છે, તેમાંથી ઈલ્મી નહેરો જારી કરે છે. ૧ ૨ અલગ-અલગ જગાઓમાં તે વહે છે અને હરએકના ઝિમ્મેદાર અને સાકી એક દાઈએ હક્ક હોય છે. દાઈએ હક્ક બગૈર કોઈ પણ શખ્સ આ નહેરોના ઘાટ પરથી પોતે પાની પી શકતો નથી. મગર જેટલું પાની આપવું દાઈએ હક્કને ફરમાન છે, તેટલું જ પાની લોગોને મુહય્યા થાય છે. આ તરહ ઈમામના ઝમાનામાં પણ એમના ૧ ૨ હુજજતો આ જ તરહ દાઅવતે હક્કનો પૈગામ લોગો તક પહોંચાવે છે. એમ હરગિઝ નથી કે, કોઈ એક નબીના ઝમાનમાં ૧ ૨ ઈમામો આવીને તે સિલસિલો રૂકી જાશે યા એ ગાઈબ થઈ જાશે. આ તો મોટી ગલતી છે ! અરે ! ઈમામતનો સિલસિલો તો કેયામત સુધી જારીયહ, જારીયહ અને જારીયહ જ રહેશે !

ઈમામત માં અકીદો રાખવો તે મુમિનને રોઝી અતા કરે છે. બરાબર જીવવા વાસ્તે હર તરહના અસ્બાબ અને રસ્તાઓ બતાવે છે. ઈમાની દાએરામાં રહીને અને આકેલાના લેહાઝથી ઈલ્મો હિકમત સાથે વાબિસ્તા રહેવું, તે

(બકીયહ પેજ નં. ૧૪ પર)

**અલ્લાહતઆલા જે ઈલ્મ અને અમલથી ખુશ થાય છે, તેને નબી સાહેબ લોગોમાં જારી કરે છે અને સવાબમાં દાખિલ કરે છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

દુનિયાના જિસ્માની આલમમાં ખાવું-પીવું છે. ઈલ્મો હિકમતથી નફસને તરો તાઝગી મિલે છે અને ખાવા-પીવાથી જિસ્મને તાકત મિલે છે. જહાઁ તક **આ બેવે ચીઝો તેની હદ્દ અને હક્કમાં હોય છે**, વહાઁ તક તે બરાબર છે. મગર જો હદ અને હક્ક ખત્મ થઈ જાય તો તેમાં ફિત્નો-ફસાદ દાખિલ થઈ જાય છે. જ્યાં ફિત્નો ફસાદ થયો ત્યાં તે ચીઝ તેની અસ્લી સૂરતમાં બાકી રહેતી નથી.

**આયત ૬૧ : માઅના :** યાદ કરો તમેં એય મૂસા ! તમેં જે વક્ત કહ્યું કે, હરગિઝ નહીં, હરગિઝ નહીં ! આપના લોગો બોલા કે, હમેં એક જ તરહના જમન પર સબર નહીં કરી શકીએ. તો કઈ ઔર બહેતર ચીઝ વાસ્તે આપ આપના રબ્બને દોઆ કરો. હમારા વાસ્તે નિકાલે, અતા કરે કે જેને તેમાંથી ઝમીન અંદરથી ઉગાવે કે, જે તેની ભાજી હોય, કાકડી હોય, ઘઉં હોય, લસન હોય, મસૂર હોય અને પિયાઝ હોય. આ તમામ તરફ નઝર કરીને મૂસા કલીમુલ્લાહએ કહ્યું કે, શું તમેં આઅલા-બહેતર ચીઝને મુકીને-છોડીને તેના બદલામાં અદના-કમતર ચીઝને પસંદ કરો છો !!

**તશ્રીહ :** લોગો અલ્લાહતઆલાની તરહ-તરહની બેશુમાર નેઅમતોનો શુક્ર કરવામાં ખૂબ જ કાહિલ, કમ્ઝોર અને ઓછા હોય છે. હર ચીઝ તેઓ પાસે હાઝિર હોય છે, ખૈર હોય છે, તેના ઉપર તેઓ કિફાયત નથી કરતા, કનાઅત નથી કરતા. **હાઝિર ચીઝ કરતા કોઇ બીજી જ ચીઝનો નાહક્ક મુતાલેબો કરે છે.** ગૈરઝરૂરી ચીઝની ખ્વાહિશ રાખે છે. એક તરહના જમનથી ઉકતાઈ જાય છે, કંટાલી જાય છે. કહે છે કે, હમને તો આ જમન બિલકુલ પસંદ નથી. હમને આના સિવાય નવી-નવી ચીઝો જમવામાં જોઈએ છે. ઝમીન માંથી એવી ચીઝો નિકાલો, એવી ચીઝો ઉગાવે કે હમને પસંદ આવે. તે ભાજી, અનાજ, દાલ, મસાલા, ગાંઠો વગૈરહ હોય.

અલ્લાહતઆલાએ આ આયતમાં બધી જ તરહની જમવાની ચીઝોની ઝિક્ર કીધી છે. પત્તાવાલી લીલી ભાજીઓ, પાનીવાલી કાકડી જેવી ચીઝો કે જે લંબી અને મોટી હોય, હર તરહના અનાજ કે જેને આટા યા રોટલી યા પૂરા પકાવીને જમાય, હર તરહના મસાલા કે જે મુખ્તલિફ મૌસમમાં જમવામાં લઝઝત અને ઝાયેકો લાવે, હર તરહની દાલ, દાણા અને શિંગો કે જેમાં ઝબીહતનો ગોશ્ત મિલાવી શકાય અને ઝમીનને નીચે ઉગનારી ગાંઠમાંથી નિકલનારી ચીઝે કે, જે ઝમીનની સતેહને ઉપર ઉગનારી ચીઝો કરતા અલગ લઝઝત આપી શકે છે, તે તમામની ઝિક્ર કરવામાં આવી છે.

આ ચીઝો પર નઝર કરીએ તો હમને દુનિયાની ઝિંદગી વાસ્તે જમવાની અને પકાવવાની ચીઝો માઅલૂમ પડે છે. મગર અસલી ઝિંદગી તો આખેરતની છે. જન્નતની આઅલામાં આઅલા નેઅમતો હાસિલ કરવા વાસ્તે હમને હમારા નબીના ઝરીએ શરીઅતના સાયામાં **મુખ્તલિફ જમનો જેમ મુખ્તલિફ અમલો કરવા પડશે.** ખૂબ મહેનત કરવી પડશે. ઈમ્તેહાનાત અને મુશ્કિલાતની લઝઝતો ચાખવી પડશે. ઉંમર અને મૌસમના લિહાઝ મુજબ ફિકરો ખયાલ અને તસવ્વુરાતમાં બદલાવ લાવવો પડશે. નિય્યત અને કામમાં પુખ્તગી જોઈશે. દુનિયાની લઝઝતોમાં ગિરફતાર થાવા કરતા મૌત બાદ મિલનારી નેઅમતો અને દરજાઓ તરફ જાવા વાસ્તે ઝિયાદહ તવજ્જોહ કરવી પડશે.

નબી કોઈ એક ચીઝ લઈને નથી આવતા મગર લોગોના ઈખ્લાસ અને ઈમાન મુજબ અલ્લાહતઆલાની લાતાઅદાદ નેઅમતોની બશારત અને ખુશખબરી આપે છે. મુમેનીન નબીયુલ્લાહની હર હિદાયત પર ચાલે છે, તેથી **હરએક નેઅમતની માઅરેફત કરવા તરફ એમના ઝહેનો રોશન થઇ જાય છે.** કાફેરીન નબીયુલ્લાહની નેઅમતને સમઝી શકતા નથી, તેથી તેઓના ઝહેન બીજી ચીઝોને સમઝવા પર બંધ થઈ જાય છે, અંધારામાં ગરક થઈ જાય છે. લેહાઝા, તેઓ નબી નઝદીક ખોટી માંગનીઓ કરવા પર રૂકતા નથી. ☆

**નબી સાહેબ સિવાય આ જહાનમાં કોઈ શખ્સ શરીઅતને નાફિઝ કરી શકે એમ નથી.**

(પેજ નં. ૬ નું બાકી)

મૌલાના ઈમામ મોહંમદ અલ-બાકિર (અ.સ.) ફરમાવે છે કે, જો તમેં હમને તમારા હર દુનિયાવી અને દીની ઊમૂરના ઈમામ તસ્લીમ કરતા હોવ તો હમારી સૂરત અને સીરત પર ચાલો. જો તમેં હમને પરહેઝગાર અને દીનદાર બનીને મદદ કરશો તો અલ્લાહતઅલા તમને હર ચીઝમાં કુશાદગી અતા કરશે. હમારા માંથી નબી, સિદ્દીક, શહીદ અને સાલેહ છે. આ તમામના નૂરની ઝલક તમેં હાસિલ કરશો. તમેં મુમિન છો, હમારા કરીબ છો અને હમારા હિસ્સા છો.

તમેં મુમિન બે કિસ્મના છે, એક તો તે કે, જે અલ્લાહતઆલાની કુલ શરતોને માને, વફા કરે, તો એ મુમિન અંબિયા, સિદ્દીકીન, શોહદા અને સાલેહીન સાથે જન્નતમાં રહેશે, એને બીજા ખતાવાર મુમિનની શફાઅત કરવાનો હક્ક મિલશે, દુનિયા અને આખેરતના અઝાબો અહવાલ યાઅની હૌલનાક મુસીબતોથી એને અમાન મિલશે. બીજો મુમિન તે છે કે, જેનો એક કદમ ફિસલી ગયો હોય, યાઅની અમલ કરવામાં કુસૂર કીધો હોય મગર ઈમાનનો કદમ સાબિત હોય તો એનું ઈમાન સલામત છે. આ સૂરતે હાલમાં એને દુનિયા અને આખેરતની મુસીબતો પહોંચશે, ગિરફતારે બલા થાશે. એ મુમિન ખૈર ઉપર છે અને એના વાસ્તે શફાઅત કરવામાં આવશે. અય હમારા શીઆ મુમેનીન ! તમારૂં નામ કુરઆનમાં સાલેહૂન છે, તો હવે તમારૂં કામ પણ સાલેહૂનનું કામ હોવું જોઈએ.

**મુશ્કિલ અલ્ફાઝ :**

**તાઅત-ગુઝાર :** ફરમાઁબરદાર, પૈરવી કરનાર

**રઈસ :** સરદાર, સરપરસ્ત

**અમજદીન :** ઈઝઝતો એહતેરામ વાલા

**ઊમૂર :** કામો

**શફાઅત :** ગુનાહોની મુઆફી વાસ્તે અરઝ અને દરમિયાનગીરી

**અહવાલ, હૌલનાક :** ખૌફનાક, વહેશતનાક

**કુસૂર :** ભૂલ, ખામી

**સાબિત :** ઠહેરેલો, જામેલો

**સાલેહૂન, સાલેહીન :** નૈકોકાર, પાકીઝા કિરદાર. ✯

## રજબ

રજબ કા મહીના મુબારક મુબારક,
હે સાચૉઁ જઝા કા મુબારક મુબારક,
યે તોહફા અલી કા મુબારક મુબારક,
હે બરતરો આઅલા મુબારક મુબારક,
ઈસી માહ મેં હે વિલાદત અલી કી,
મોહંમદ કો દાઅવતથી રબ્બે જલી કી.

## સાચા

સાચા રહે માઁ-બાપ કા ઔલાદ કે સર પર સદા,
ગૌર સે સુનલે હરએક હુક્મ જબ ભી હો ઉસકી સદા,
જો કહેં ઉસકો ખુશી સે જલ્દી સે કર લેં અદા,
ના કરેં હરગિઝ મોહબ્બત ઉનકી દિલ સે હમ જુદા,
શાદી કી મંઝિલ પે દુલ્હે કો હે લાએ વાલેદૈન,
અપને બેટે સે હરએક ખિદમત કો પાએ વાલેદૈન.

## ખિલતી કલી

શાદી કી હસીં ઝિંદગી મુબારક હો,
ખુશીયોં સે ભરી હર ઘડી મુબારક હો,
દુલ્હન કે લીએ યે ચમન નયા સા હે,
હર ફૂલ કી ખિલતી કલી મુબારક હો.

## શાઅબાન

અલી કા રજબ, તો હે શાઅબાન મેરા,
નબી કે બચ્ચૉઁ પર હે દિલ જિસકા ઠહેરા,
હુવા ઉસકા ઈમાઁ, યકીં, સબ્ર ગહેરા,
હે હર લમ્હા ફઝલે ખુદા ઉસ પે ઉતરા,
મિલેગી ગુનાહોં સે આઝાદી સબ કો,
શબે નિસ્ફ મે ખુશ કરેગા જો રબ કો.

**તમામ નફસો-જાનો તેમના આઅમાલને લઈને નબી સાહેબ નઝદીક પૈશ થાય છે.**

(પેજ નં. ૪ નું બાકી)

જાહિલ ગાલીઓ (હદથી વધીને કોઇ બશરને માનનાર) કહે છે કે, "ઈમામો તો ખુદાઓ છે. તેઓ બંદાને રોઝી આપે છે. તેઓને મૌત આવતી નથી પણ આસ્માન પર ચઢી જાય છે. તેઓમાં ઈલાહી નૂર હોય છે, જેને એક આમ ઈન્સાન પોતાની ચરબીવાલી આઁખોથી જોઈ શકતો નથી. એક ઈમામ અને એનું નૂર કાઈમી-દાઈમી છે. ઈમામ ગાઈબ તો થાય છે પણ એ જ પાછા આવશે. ઈમામ પાસે પોતાની કિતાબ હોય છે કે, જેને લોગો પોતાનું દીન માને છે. આ ઈમામ જ તેઓને બચાવશે, છોડાવશે અને જન્નત અપાવી દેશે. ઈમામનું નામ જ તમામ દુઃખોને દૂર કરવાની ચાવી છે." જાહિલ ગાલીઓનું આ તરહથી માનવું બિલકુલ ગલત છે, જૂઠ-બનાવટ છે.

હક્ક વાત તો એ છે કે, અઈમ્મત-ઈમામોના જિસ્મો તેની તીનત, તબીઅત, સફાઈ, ફઝલ, શરફ, નઝાકત, તહારત, લતાફતના સબબ બીજા આમ લોગોના જિસ્મો કરતા ખૂબ જ મુમ્તાઝ-નિરાલા હોય છે. મિસાલના તૌર પર ઝમીનમાં અબજો પત્થરો હોય છે, મગર તેમાં લાલ યાકૂત-યાકૂતે અહમર ખૂબ જ કીમતી, બેનમૂન અને લાજવાબ હોય છે. જોવા જઈએ તો લાલ યાકૂત એક તરહનો પત્થર જ છે. તો પત્થર મુજબ ઝિક્ર એમ કરીએ કે, હમારા ઈમામો જિન્સી અને ઈન્સાની હૈસીયતથી મુમેનીન અને આમ લોગો જેવા જ છે. બેવે એક જેવા જ છે. જેમ પત્થર અને યાકૂત બેવે માઅદન-ખનિજ-ધાતુની હૈસીયતથી અકે જ જેવા છે. **આ સાથે જેમ યાકૂતે અહમર બીજા પત્થરો કરતા ઘણો જ આઅલા-અફઝલ હોય છે, કીમતમાં લાસાની હોય છે, બેનઝીર હોય છે, તેમ જ ઇમામો બીજા ઇન્સાનો કરતા ઘણા જ આઅલા અફઝલ હોય છે.** ☆

---

બગૈર દાઈ કી રઝા કે હે નામે અલી ફિઝૂલ,
હરગિઝ ખુદા કરેગા ન એક ભી અમલ કુબૂલ,
મક્કાર હે વો શખ્સ ઔર ઈમાન ભી હે ધૂલ,
બેહુબ્બે દાઈ જીતા હે ઉસ કી બડી હે ભૂલ,
યે સિલસિલા અલી સે હે હક્ક કે દોઆત કા,
જો ઈસકો માને વો હે અસ્લ મેં જઆઅત કા. ☆

---

નહીં દેતે અલીપાલે ઝિના કા પરપાના,
નિકાહ કી બઝમ નહીં હે પો એક દગાખાના,
બના ફિરતા હે શૈતાં હર જગા યૂં દીપાના,
કે ડાલે દિલ મેં મુનાફિક કે કુફ્ર કા દાના,
મિટેગી નસ્લ ભી, ઇઝ્ઝત ભી, બેહયાઇ મેં,
જલેગા ઘર ભી, જહન્નમ કી ઇસ કમાઇ મેં. ☆

---

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman) કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ☆

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૨૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.